# જ્ઞાનગંગા

## યુનિવર્સિટી ન્યૂઝ




# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)


વર્ષ-૧૧ અંક-૩૪ (આંતરિક વિતરણ) ૧૬ ઑક્ટોબર, ૨૦૧૭







DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
( Established by Government of Gujarat )
B.Ed. & Spl.B.Ed.
Co-ordinators' Meet
31st August, 2017






















Happy Teacher's Day





## સ્વાતંત્ર દિનની ઉજવણી

સ્વાતંત્ર દિનની ઉજવણી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના "જ્યોતિર્મય" પરિસરમાં યુનિવર્સિટી પરિવારના વિશાળ સભ્યો સાથે દેશભક્તિના ગીતોનું ગીત-સંગીત પ્રસારણ યુનિવર્સિટીના ચૈતન્ય સ્ટુડિયોમાંથી કરવામાં આવ્યું.



માનનીય કુલપતિશ્રીના વરદ હસ્તે ધ્વજવંદન થયું. યુનિવર્સિટીના પરિવારના સભ્યોએ દેશભક્તિ ગીતો ગાઈને ઉજવણી વધારે



આહલાદક બનાવી. જેમાં ડૉ. અજીતસિંહ રાણા, ડૉ. પ્રિયાંકી વ્યાસ , કીર્તિબેન રાવલ, દિવ્યાબેન ઠાકરે જુદાં -જુદાં દેશભક્તિ ગીતો ગાયાં અને યોગેન્દ્રભાઈ પારેખે દેશભક્તિ વિશે સુંદર વક્તવ્ય આપ્યું હતું. ચિંતન જોશીએ વાંસળી વાદન કરી કાર્યક્રમને વધારે આહલાદક બનાવ્યું હતું.



આ સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન ડૉ. મૌનસ ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું.

## બી.એડ. અને સ્પે.બી.એડ.ના કેન્દ્રોની બેઠક

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સત્ર જાન્યુ-2018 બી.એડ. તેમજ સ્પે.બી.એડ. પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવી. તેમજ તેની પ્રવેશ પ્રક્રિયા માટે પણ ઓનલાઈન જ અરજી ફૉર્મ મંગાવવા તેમ નક્કી કરવામાં આવ્યું.




જે માટે અભ્યાસકેન્દ્રોને ઓનલાઈન એડમિશન પ્રક્રિયાથી માહિતગાર કરવા તેમજ પ્રવેશ પ્રક્રિયાથી માહિતગાર કરવા તેમજ પ્રવેશ પ્રક્રિયા અંગે સમજૂતી આપવા તા.31/08/2017ના રોજ યુનિવર્સિટી ખાતે બોર્ડ રૂમમાં બી.એડ. અભ્યાસક્રમના 10 અને સ્પે. બી.એડ.ના 8 અભ્યાસકેન્દ્રોની એક સંયુક્ત બેઠકનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં તમામ કેન્દ્રોમાંથી આચાર્ય અથવા કેન્દ્ર સંયોજક પોતે ઉપસ્થિત રહે તેવો આગ્રહ રાખવામાં આવ્યો.ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની માહિતી અને સમજૂતી નિયામકશ્રી સ્કૂલ ઑફ કમ્પ્યૂટર સાયન્સના પ્રો. ડૉ. નિલેશ મોદી સાહેબે આપી. સદર બેઠકમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની સાહેબે વિશિષ્ટ હાજરી આપી.



જે દરમિયાન તેમણે તમામ અભ્યાસકેન્દ્રોને ઉત્તમ શિક્ષકો તૈયાર કરવા પ્રોત્સાહિત કર્યા તેમજ યુનિવર્સિટી દ્વારા તેમણે તમામ સર્જનાત્મક કાર્યક્રમ કરવા માટેનો સહકાર આપવાની બાંહેધરી આપી



## શિક્ષક દિનની ઉજવણી

તા.05/09/2017 ના રોજ શિક્ષણશાસ્ત્ર વિભાગ દ્વારા શિક્ષક દિનની ઉજવણી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હૉલ ખાતે આયોજિત કરવામાં આવી.



જેમાં IASE યુનિવર્સિટી, સરદાર શહેર, રાજસ્થાનના પૂર્વ ડાયરેક્ટર રિસર્ચ ડૉ. સુરેન્દ્ર પાઠક સાહેબે " મૂલ્ય શિક્ષણ" પર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે મધ્યસ્થ દર્શનમાં મૂલ્ય શિક્ષણ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.



આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષણશાસ્ત્ર વિભાગનાં નિયામકશ્રી ડૉ. અજીતસિંહ રાણા સાહેબે કર્યું હતું.



ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમ દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.પંકજ એલ. જાની સાહેબ તથા અન્ય અધિકારી વર્ગ હાજર રહ્યો હતો.

## વૈદિક ગણિત વર્ગો

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના શિક્ષણ વિભાગ દ્વારા દિવાળી વેકેશનની તા.30-10-2017 થી તા.03-11-2017 દરમિયાન પાંચ દિવસીય વૈદિક ગણિતનાં વર્ગોનું આયોજન કરવામાં આવેલું.



જેમાં ધો.8 થી વધુ ભણેલાં પ્રત્યેક વ્યક્તિ માટે મર્યાદિત સંખ્યામાં ભાગ લેવાની જોગવાઈ કરેલી હતી. વર્ગમાં વૈદિક- ગણિતનાં નિષ્ણાત તરીકે શ્રી હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળા – સાબરમતી-અમદાવાદનાં શિક્ષક શ્રી જય રાઠોડે યોગદાન આપ્યું હતું. વર્ગમાં વિવિધ ક્ષેત્રોમાંથી આવેલા કુલ આઠ પ્રતિભાગીઓએ નિયમિત હાજરી આપી હતી. વીસ કલાકનાં આ વર્ગોમાં વૈદિક ગણિતનાં નિખિલ, નિખિલેશ, મૂલાંક, પૂર્ણાંક, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, વર્ગ, વર્ગમૂળ, ઘન, ઘનમૂળ વગેરે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તથા સમગ્ર શિક્ષણ કાર્યનું ચૈતન્ય સ્ટુડિયોમાં 20 કલાકનું વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવ્યું. ગણિતનાં જટિલ દાખલાઓને વૈદિક ગણિતની ભારતીય પદ્ધતિથી સરળ રીતે ઉકેલવાના આ શિક્ષણનો ભવિષ્યમાં પણ ઉપયોગ થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી.




વર્ગનાં ઉદ્‌ઘાટનમાં યુનિવર્સિટીનાં કુલપતિશ્રીએ પ્રતિભાગીઓને માનનીય આવકાર્યા હતા તથા વર્ગનાં સમાપનમાં પ્રત્યેક પ્રતિભાગીને માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની સાહેબ દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા અને મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરવા અને ભારતીય જ્ઞાનનો પ્રસાર કરવાની શુભકામનાઓ આપી હતી.



સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષણશાસ્ત્ર વિભાગનાં નિયામકશ્રી ડૉ. અજીતસિંહ રાણાના નેતૃત્વમાં શિક્ષણશાસ્ત્ર વિભાગનાં અધ્યાપકો અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## હિંદી દિવસની ઉજવણી




ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તા.૧૪-૦૯-૨૦૧૭ ના રોજ હિંદી વિભાગ દ્વારા " હિન્દી દિવસ અભિવ્યક્તિ" ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીની ગેરહાજરીમાં તે દિવસે યુનિવર્સિટીનો કાર્યભાર સ્કુલ ઓફ કમ્પ્યૂટર સાયન્સના નિયામક અને પરીક્ષા નિયામક ડૉ. નિલેશ મોદીને સોંપવામાં આવ્યો હતો. યુનિવર્સિટીના આ કાર્યક્રમમાં સ્કુલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટના નિયામક ડૉ. મનોજ શાહ, વિદ્યાર્થી સહાય નિયામક ડૉ. આવા શુકલા અને સ્કુલ ઓફ એજ્યુકેશન એન્ડ ડિસ્ટન્સ એજ્યુકેશનના નિયામક પ્રો. અજીતસિંહ રાણાની સાથે યુનિવર્સિટી પરિવારના તમામ સભ્યો હાજર રહ્યાં હતાં.

કાર્યક્રમનો આરંભ માનનીય સભ્યો દ્વારા વિદ્યાની દેવી સરસ્વતી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના ચરણ કમળોના પુષ્પ અર્પણ કરીને કર્યું. ત્યારપછી યુનિવર્સિટી ગીતનું ગાન કરીને કાર્યક્રમને આગળ ધપાવવાની કામગીરી કરી. સૌનું સ્વાગત વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. મનોજ શાહે હિંદી દિવસના મહત્ત્વ વિશે સંબોધન આપ્યું હતું. ડૉ. આવા શુકલાએ એક સુંદર કવિતાનું ગાન કરીને હિંદી દિવસની શુભેચ્છા પાઠવી હતી. ત્યારપછી યુનિવર્સિટી પરિવારના સભ્યોએ અલગ- અલગ પ્રસ્તુતિયોના ક્રમ ડૉ. ચેતના શાહે પ્રાર્થનાગીત ગાઈને આરંભ કર્યો હતો. ડૉ. સંજય પટેલે " ભારતીય સંવિધાનમાં રાજભાષા હિંદીનું સ્થાન" ગંભીર શોધપરખ વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. હેતલ ગાંધીએ પોતાના સુંદર કાવ્યપાઠ દ્વારા કાર્યક્રમને વધારે રસમય બનાવી દીધું હતું. ડૉ. કૃતિ છાયાએ વ્યંગ્ય કવિતા દ્વારા શ્રોતાગણને વિચાર ક્ષમતા વધારી દીધી હતી. ડૉ. મૌનસ ઠાકરે સુમધુર ગીતો દ્વારા વાતાવરણને વધારે આહલાદક બનાવી દીધું.



ત્યારબાદ ડૉ. કેતન મકવાણાએ પોતાના જીવનના માર્મિક પ્રસંગ દ્વારા બધાંને વિસ્મય કરી દીધા હતાં. શ્રીમતી દિવ્યા આચાર્યએ સુંદર કાવ્યપાઠ દ્વારા અને શ્રીમતી સેજલ પટેલે પિતા-પુત્રીના સંબંધ પર ભાવપૂર્ણ કવિતાપાઠ દ્વારા તમામને ભાવવિભોર કરી દીધા હતાં. ડૉ. યોગેન્દ્ર પારેખે " જ્વલંત ભારતીય" ના નામથી હિંદીમાં કવિતા લેખન કરે છે. જીવનની તીવ્ર વ્યંજનાથી ભરી કવિતાઓથી અભિભૂત કર્યા હતાં. શ્રીમતી પ્રિયા સિંહે હિંદી ભાષામાં વક્તવ્ય અને શ્રી મેરૂજી ઠાકોરે હિંદીના મૂર્ધન્ય કવિ અજ્ઞેયની નાની કવિતા "સાંપ" દ્વારા સમાજમાં ભળી રહેલા વિષની તરફ ધ્યાન દોર્યું. અભિવ્યક્તિઓના ક્રમની પૂર્ણાહૂતિ શ્રી નિગમભાઈ પંડયાજીના ભાવપૂર્ણ કાવ્યપાઠથી થઈ.



ડૉ. અજીતસિંહ રાણાજીએ આશીર્વચન આપતાં પોતાના વિદ્યાર્થી જીવનના પ્રેરક પ્રસંગો દ્વારા શ્રોતાઓને ઉદબોધિત કર્યા હતાં. અધ્યક્ષીય સંબોધનમાં ડૉ. નિલેશ મોદીએ પ્રસ્તુતિઓની ભરપૂર પ્રશંસા કરી અને હિંદીને રાજભાષાના રૂપમાં, સંપર્ક ભાષાના રૂપમાં વધારેમાં વધારે મજબૂત કરવાનો આહવાન આપ્યું.

કાર્યક્રમનું સુચારુ સંચાલન અને આભારવિધિ હિંદી વિભાગમાંથી ડૉ. અર્ચના મિશ્રાએ કર્યું હતું.

# ફોટો ગૅલરી










**સ્વાધ્યાયઃ પરમં તપઃ**


સંકલન : ડૉ. આવા શુક્લા (નિયામક, વિદ્યાર્થી સહાય)

સહ-સંકલન : ડૉ. પ્રિયાંકી વ્યાસ - એસોસિયેટ પ્રોફેસર (Lib. & Inf. Sci)
ડૉ. ચેતના શાહ- ગ્રંથપાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
'જ્યોતિર્મય' પરિસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,
અમદાવાદ-૩૮૨ ૪૮૧

ગ્રાફિકસ ડિઝાઈન : નિકુલ પટેલ

ટાઈપિંગ : સાહિસ્તા મલેક






**સંપાદક**

**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય**

**કા. કુલસચિવશ્રી**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય' પરિસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧. ઈ-મેઈલ : feedback@baou.edu.in | www.baou.edu.in